દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શનિવાર ૨૦ જૂન, ૨૦૨૬

# વિકાસની આંધળી દોડમાં ફુટપાથ પર ચાલવાનો મૂળભૂત અધિકાર હણાઈ ગયો છે

આખા દેશમાં હાલમાં વિકાસની આંધળી દોડમાં પદયાત્રી હાંસિયામાં ધકેલાઈ રહ્યો છે. આ મુદ્દે તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટે આપેલો ચુકાદો કે 'રાહદારીનો ચાલવાનો અધિકાર વાહનો કરતાં વધુ મહત્વનો છે', તેણે ભારતના આધુનિક શહેરી આયોજન સામે એક ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છે કે, 'ફૂટપાથ પર ચાલવું એ નાગરિકોનો મૂળભૂત અધિકાર છે' અને તે બંધારણના આર્ટિકલ 19(1)(d) (મુક્તપણે ફરવાનો અધિકાર) અને આર્ટિકલ 21 (જીવવાનો અધિકાર) અંતર્ગત સુરક્ષિત છે. આ ઐતિહાસિક ચુકાદાનું મૂળ વર્ષ ૨૦૧૬ની એક અત્યંત હૃદયદ્રાવક ઘટનામાં રહેલું છે. શાળાએ જઈ રહેલા એક પાંચ વર્ષના માસૂમ બાળકને પાછળથી આવતા એક બેફામ ટેન્કરે કચડી નાખ્યો હતો. આ દુર્ઘટના પાછળ માત્ર ડ્રાઈવરની બેદરકારી નહોતી, પરંતુ જે રસ્તા પર બાળક ચાલી રહ્યું હતું ત્યાં પગપાળા ચાલનારાઓ માટે કોઈ ફૂટપાથ કે સુરક્ષિત ક્રોસિંગની વ્યવસ્થા જ નહોતી. સર્વોચ્ચ અદાલતે આ કેસના માધ્યમથી દેશના સમગ્ર રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પદયાત્રીઓની સુરક્ષા અંગે એક વ્યાપક ચિંતા વ્યક્ત કરી છે. જો કોઈ નાગરિકના આ અધિકારનો ભંગ થશે, તો તે જવાબદાર સત્તાધીશો સામે કાયદાકીય પગલાં ભરીને વળતર માંગી શકશે - કોર્ટની આ ટિપ્પણી સ્થાનિક નગર નિગમો, મહાનગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તામંડળો માટે જવાબદારીનું નવું પ્રકરણ ખોલે છે. સબ-વે કે ફૂટઓવર બ્રિજ એટલી અસુવિધાજનક જગ્યાએ અને એવી હાલતમાં હોય છે કે વયસ્કો, બાળકો કે દિવ્યાંગો તેનો ઉપયોગ કરી શકતા નથી. પરિણામે, લોકોએ જીવના જોખમે મુખ્ય માર્ગ પર ચાલવું પડે છે, અને જ્યારે અકસ્માત થાય છે ત્યારે વાંક માત્ર વાહનચાલકનો કે ચાલનારનો કાઢવામાં આવે છે, ગુનેગાર આયોજકોને તો કોઈ પકડતું જ નથી !ફૂટપાથ પર દુકાનદારોના ગેરકાયદેસર બોર્ડ, લારી-ગલ્લાના દબાણો, પાર્ક કરેલા બાઇક કે કાર, અને સોનામાં સુગંધ ભળે તેમ પાવર ટ્રાન્સફોર્મર્સ કે કચરાપેટીઓ ગોઠવી દેવામાં આવે છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આ અંગે એક નવો કાયદો બનાવવાની ભલામણ કરી છે. આ કાયદા દ્વારા સ્થાનિક તંત્રોની જવાબદારી કાયદાકીય રીતે નક્કી થવી જોઈએ. જો કોઈ ફૂટપાથ પર દબાણ હોય અને તેના કારણે પદયાત્રીને રોડ પર ચાલવું પડે અને કોઈ દુર્ઘટના ઘટે, તો તેના માટે તે વિસ્તારના મ્યુનિસિપલ કમિશનર કે જવાબદાર એન્જિનિયર સામે ગુનાહિત બેદરકારીનો ગુનો દાખલ થવો જોઈએ.

ખરેખર તો સુપ્રીમ કોર્ટના આ આદેશને વાસ્તવિકતામાં બદલવા માટે યુદ્ધના ધોરણે પગલાં લેવાની જરૂર છેઃ જેમાં કેન્દ્ર સરકારે વિલંબ કર્યા વિના એવો રાષ્ટ્રીય કાયદો બનાવવો જોઈએ જે દરેક સ્માર્ટ સિટી કે ટાઉન પ્લાનિંગ સ્કીમમાં પદયાત્રીઓ માટે ઓછામાં ઓછી 30% જગ્યા અનામત રાખવાનું ફરજિયાત બનાવે, ફૂટપાથ પરના દબાણો હટાવવા માટે નિયમિત ડ્રાઈવ થવી જોઈએ. દબાણ કરનારાઓ સામે એટલો ભારે દંડ હોવો જોઈએ કે તેઓ બીજી વાર ફૂટપાથ પર પગ મૂકતા ડરે, ફૂટપાથ એવી હોવી જોઈએ જે તૂટેલી-ફૂટેલી ન હોય અને વ્હીલચેર ફ્રેન્ડલી હોય, જેથી વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો પણ ગૌરવભેર ચાલી શકે, અકસ્માતના કિસ્સામાં માત્ર ડ્રાઇવર નહીં, રોડની ખરાબ ડિઝાઇન કે ફૂટપાથ ન હોવા બદલ સંબંધિત કોર્પોરેશન પર પણ દંડાત્મક ન્યાયિક કાર્યવાહી થવી જોઈએ. સુપ્રીમનો આ ઐતિહાસિક ચુકાદો શાસકો અને વહીવટકર્તાઓ માટે એક અલાર્મ બેલ છે. ચાલવાનો અધિકાર એ માત્ર રસ્તા પરથી પસાર થવાનો અધિકાર નથી, એ વિકાસમાં સમાન હિસ્સેદારીનો અધિકાર છે.

# પંજાબ કાશમીર કે પશ્ચિમ બંગાળ નથી: ભાજપ એકલા હાથે જીતી ન શકે

## રાજધાનીના અંતરંગ

### અનિલ આનંદ

**2027ની વિધાનસભા ચૂંટણીમાં હાઈ-પ્રોફાઈલ ઉમેદવારો અને અન્ય પક્ષોના નેતાઓની આયાત પણ મદદ કરી શકે તેમ નથી, અહીં ન્યાયી ચૂંટણી થવા દો, ચૂંટણીના જંગને પંજાબના લોકોની મુક્ત ઈચ્છા સાથે તેના કુદરતી માર્ગે ચાલવા દો**

2014થી ભાજપના એજન્ડામાં પક્ષના પ્રભાવને વધારવા માટે ચૂંટણીની દ્રષ્ટિએ નવા અને અજાણ્યા વિસ્તારો કબજે કરવા તે ટોચ પર રહ્યું છે, જેમાં સાધન કરતાં સાધ્ય એટલે કે પરિણામ ગમે તે આવે બસ જીત મેળવવી વધુ મહત્વની રહી છે. જો કે પક્ષે તાજેતરમાં પશ્ચિમ બંગાળમાં એક નિર્ણાયક જીત નોંધાવી છે, જે અત્યાર સુધી આ ભગવા પક્ષ માટે એક અજાણ્યો વિસ્તાર હતો, જો કે ચૂંટણીમાં ગેરરીતિઓના આક્ષેપો અને ફરિયાદો વચ્ચે આ આખી વાર્તા હજી પણ સામે આવી રહી છે, પરંતુ તે જ સમયે કેરળ અને તમિલનાડુમાં આ સફળતાનું પુનરાવર્તન કરવામાં તે નિષ્ફળ રહ્યો.

એક સમયે એક જ! ઘણા લોકોને લાગે છે કે નરેન્દ્ર મોદી અને અમિત શાહની શક્તિશાળી જોડીએ ભાજપના વર્ચસ્વ ધરાવતા હિન્દી અને હિન્દુત્વના એજન્ડાને કારણે ભાજપના વિરોધી એવા ત્રણ વિસ્તારોને એકસાથે સંભાળવાનું મોટું જોખમ લીધું હોત. એવું બની શકે કે, પરિસ્થિતિઓને જોતા દક્ષિણ ભારતને વધુ નારાજ કરવા કરતાં પશ્ચિમ બંગાળની પસંદગી સૌથી શ્રેષ્ઠ હતી. તેથી, પશ્ચિમ બંગાળ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું કારણ કે પૂર્વ ક્ષેત્રમાં પક્ષનો પહેલેથી જ મજબૂત પ્રભાવ છે. 2027 માં આવનારી વિધાનસભા ચૂંટણીઓમાં પંજાબ સામેલ છે જેણે ભાજપને નકારી દીધો છે, જો કે ભૂતકાળમાં દિવંગત પીઢ નેતા પ્રકાશ સિંહ બાદલના નેતૃત્વમાં શિરોમણી અકાલી દળ સાથે ગઠબંધન કરીને તેણે પંજાબમાં કેટલોક પગપેસારો કર્યો હતો, પરંતુ પોતાના દમ પર એકલા લડવાના પ્રયાસોમાં તેણે માત્ર ગૌણ ભૂમિકા ભજવીને જ સંતોષ માનવો પડ્યો હતો. ભાજપના વર્તમાન સ્વરૂપના રાજકીય શબ્દકોશમાં આવો કોઈ શબ્દ નથી, અને એકમાત્ર મજબૂત પ્રેરક બળ એ છે કે રીલે રેસની જેમ એકબીજાના હાથમાં લાકડી બદલીને દોડવાને બદલે એકલા જ રેસ કેવી રીતે જીતવી.

પ્રથમ તો પંજાબ સાથે કેવી રીતે વ્યવહાર ન કરવો તે અંગે ચેતવણીનો એક શબ્દ! પંજાબ સાથે અતિશય નરમાશથી વ્યવહાર ન કરો અને એવા રાજકીય અને ચૂંટણીલક્ષી પ્રયોગોથી દૂર રહો જે આ રાજ્યને ફરીથી કટોકટીના આરે ધકેલી શકે છે. એ ભૂલવું ન જોઈએ કે પંજાબે ભારે મુશ્કેલીથી અને મોટી કિંમત ચૂકવીને આતંકવાદના લોહિયાળ દિવસોમાંથી પોતાની જાતને બહાર કાઢી હતી. એ પણ ન ભૂલવું જોઈએ કે, તે હાલમાં ચિંતાજનક નશાખોરીના દૂષણ અને રસ્તા પર આંદોલન કરી રહેલા ખેડૂતો સાથે ખેતી ક્ષેત્રની મુશ્કેલીઓની પકડમાં છે.


કોઈ પણ પ્રકારના બળપ્રયોગના પ્રયાસ વિના મુક્ત અને ન્યાયી ચૂંટણી થવા દો. ચૂંટણીના જંગને પંજાબના લોકોની મુક્ત ઈચ્છા સાથે તેના કુદરતી માર્ગે ચાલવા દો.દરેક રાજકીય પક્ષને ચૂંટણીની વ્યૂહરચના બનાવવાનો પૂરો અધિકાર છે અને ભાજપને પણ છે. પક્ષ 2014થી પંજાબમાં પોતાની હાજરી નોંધાવવા માટે જોરદાર પ્રયાસો કરી રહ્યો છે પરંતુ તેમાં લગભગ કોઈ સફળતા મળી નથી. આ હારી જવાની નિરાશાને અન્ય તમામ બાબતો પર હાવી થવા ન દો. કોઈ પણ વિશ્વસનીય સ્થાનિક નેતૃત્વ વિના હાઈ-પ્રોફાઈલ ઉમેદવારોને મેદાનમાં ઉતારવાથી ભાજપને પોતાના પગ જમાવવામાં કોઈ ફાયદો થયો નથી. આ સમગ્ર સમય દરમિયાન તેમનો શહેરી આધાર (મોટાભાગે આરએસએસના સમર્થકો) ભાજપ-અકાલી દળના ગઠબંધન અને કોંગ્રેસ વચ્ચે ઝોલા ખાતો રહ્યો. કટોકટીના સમયે સ્થાનિક પરિબળોને કારણે ભાજપ અથવા અકાલી દળ સામેના ગુસ્સામાં તેઓએ વ્યૂહરચના પૂર્વક કોંગ્રેસને મત આપ્યો હતો.

આ ઉપરાંત, હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સૈનીએ છેલ્લા કેટલાક મહિનાઓ દરમિયાન 70 વખત પંજાબની મુલાકાત લીધી છે. પાઘડી પહેરીને (જે શીખ ધર્મનું પ્રતીક છે), અહેવાલો મુજબ તેઓ પંજાબી પણ શીખી રહ્યા છે, તેઓ 31 ટકા વસ્તી ધરાવતા અન્ય પછાત વર્ગો એટલે કે ઓબીસીમાં ભાજપની સ્થિતિ મજબૂત કરવા માટે નીકળ્યા હોય તેવું લાગે છે. જો કે તેઓ પોતે ઓબીસી વર્ગના છે પરંતુ પંજાબમાં તેમનો કોઈ મોભો કે વજૂદ નથી. જો કે, ત્યારથી ભાજપ એક અલગ જ માર્ગ પર આગળ વધ્યો છે, જે મહારાષ્ટ્રમાં અને હવે પશ્ચિમ બંગાળમાં સ્પષ્ટપણે જોવા મળ્યું છે, જ્યાં અન્ય સ્થાપિત પક્ષોમાંથી નેતાઓની આયાત કરીને બહુમતીની હેરાફેરી કરવામાં આવે છે. આની શરૂઆત બે વર્ષ પહેલા વરિષ્ઠ કોંગ્રેસી નેતા કેપ્ટન અમરિન્દર સિંહ તેમના નજીકના સહયોગીઓ સાથે ભાજપમાં જોડાયા ત્યારે થઈ હતી. પાછળથી, લુધિયાણાના ભૂતપૂર્વ કોંગ્રેસના સાંસદ અને પંજાબના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બેઅંત સિંહ (જેમની હોદ્દા પર હતા ત્યારે આતંકવાદીઓ દ્વારા હત્યા કરવામાં આવી હતી) ના પૌત્રનો પણ ભાજપના મોવડીઓ દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતો અને તેમને રાજ્યસભાના માર્ગે કેન્દ્રીય મંત્રી બનાવવામાં આવ્યા હતા.વાસ્તવિક સ્તરે આવા પગલાંથી ભાજપના નસીબમાં કોઈ ફેરફાર થયો નથી અને તેના બદલે તેઓ લોકોથી વધુ વિમુખ થયા છે. કેપ્ટન અમરિન્દર સિંહનો સુવર્ણકાળ હવે વીતી ગયો છે અને ભાજપના નેતૃત્વ દ્વારા તેમને નારાજીમાં જ છોડી દેવામાં આવ્યા છે. બિટ્ટુએ પંજાબના લોકોની નજરમાં પોતાની છબી ખરાબ કરી છે, જેઓ માત્ર મહાન બલિદાન આપવા માટે જ નહીં પરંતુ શહીદોનું સન્માન કરવા માટે પણ જાણીતા છે. કોંગ્રેસ, અકાલી દળ કે આમ આદમી પાર્ટીમાંથી ભાજપમાં જોડાયેલા અન્ય તમામ પરચૂરણ નેતાઓ પણ એક જ હોડીમાં સવાર છે એટલે કે બધાની સ્થિતિ સરખી જ છે. આ સંજોગોમાં ગૃહમંત્રી અમિત શાહની એ જાહેર જાહેરાતને ગંભીરતાથી લેવી પડશે કે ભાજપ તમામ 117 બેઠકો પર પોતાના ઉમેદવારો ઉભા રાખીને એકલા હાથે ચૂંટણી લડશે. આવા નિવેદનો સામાન્ય રીતે તેમના મનોવૈજ્ઞાનિક યુદ્ધનો એક ભાગ હોય છે, પરંતુ તે પશ્ચિમ બંગાળ જેવી જ કોઈ સંભવિત વ્યૂહરચનાનો સંકેત પણ આપે છે. આ ચૂંટણી ઝડપથી બદલાતા સામાજિક અને ધાર્મિક વાતાવરણ વચ્ચે યોજાઈ રહી છે. રાજ્ય ધર્માંતરણના મુદ્દાઓ અને ગ્રામીણ, પંથક તેમજ શહેરી વસ્તી વચ્ચે બદલાતા સત્તાના સમીકરણોનો સામનો કરી રહ્યું છે. પંજાબના સાંસ્કૃતિક વારસાને જાળવી રાખીને લઘુમતી સમુદાયો, અનુસૂચિત જાતિઓ અને વિશાળ શીખ વસ્તીની ચિંતાઓને દૂર કરતું સંતુલન શોધવું એ લાંબા ગાળાની શાંતિ અને સૌહાર્દ માટે એક વ્યૂહાત્મક જરૂરિયાત છે.

મુખ્યમંત્રી ભગવંત માનના નેતૃત્વમાં શાસક પક્ષ આમ આદમી પાર્ટી પોતાનો ગઢ બચાવવા માટે સખત સંઘર્ષ કરી રહી હોવાથી તમામ 117 બેઠકો પર એક અનોખો બહુકોણીય જંગ જોવા મળવાની સંભાવના છે. ચારેબાજુથી થતા હુમલાઓ સામે પોતાના શાસન મૉડેલનો બચાવ કરતી આમ આદમી પાર્ટીનો સામનો પોતાનો પરંપરાગત ગઢ પાછો મેળવવાના દ્રઢ સંકલ્પ સાથે મેદાનમાં ઉતરેલી કોંગ્રેસ સામે છે. આ જ સમયે, શિરોમણી અકાલી દળ પોતાના રાજકીય પુનરુત્થાન માટે લડી રહ્યું છે, જ્યારે ભાજપ આ ખેતીપ્રધાન રાજ્યમાં પોતાનો પ્રભાવ વધારવા માગે છે. આ ચૂંટણી ગંભીર આર્થિક પડકારો, કૃષિ ક્ષેત્રના મુદ્દાઓ અને આમ આદમી પાર્ટીની કલ્યાણકારી યોજનાઓ તેને સતત બીજી ટર્મ અપાવી શકે છે કે નહીં તેના પર ટકેલી છે. વર્તમાન પરિસ્થિતિઓમાં કોઈ પણ પ્રકારની હેરાફેરી કે કાવાદાવા માટે બહુ ઓછી અથવા બિલકુલ જગ્યા નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## છોડીને હળવા બનો



એક નાનકડી ચકલીને રોટલીનો ટુકડો મળ્યો, રોટલીનો ટુકડો એટલો મોટો હતો કે ચકલી તેને લઈને માંડ માંડ ઉડી શકે પણ જો આટલો મોટો ટુકડો લઇ લઉં તો બે ત્રણ દિવસ ખોરાક શોધવા નહિ જવું પડે તેમ વિચારીને ચકલીએ પોતાના ગજા કરતા વધારે વજન ધરાવતો રોટલીઓનો ટુકડો ચાંચમાં ઉપાડી લીધો અને મહામહેનતે ઉડવા લાગી ...વજન હતું એટલે થોડું ઉડી થાકી જતી વાળી બહુ ધીમું અને નીચું જ ઉડી રહી હતી.

અચાનક એક કાગડાની નજર તેની પર પડી ચકલીની ચાંચમાં મોટો રોટલીઓ ટુકડો જોઇને તે છીનવી લેવા એક નહિ અનેક કાગડા કા...કા...કરતા તેની પાછળ પડ્યા અને થોડીવારમાં તેને ચારેબાજુથી ઘેરી લીધી.

હવે ચકલી ફસાઈ ગઈ કારણ કે તે ચાંચમાં રોટલીના ટુકડાના વજનને કારણે ઝડપથી ઉડી શકતી ન હતી... પરિસ્થતિ એવી થઈ કે તેને આ કાગડાઓના ઘેરી વળવાથી તેની ચાંચનો રોટલીઓ ટુકડો જ નહિ પણ તેની પોતાની જાન પણ જોખમમાં લાગવા લાગી.હવે કરવું શું? બચવું કઈ રીતે? આમ તેમ ઉડતી તે ઘેરામાંથી નીકળવાનો માર્ગ શોધતી રહી અને પછી અચાનક તેને પોતાની ચાંચનો રોટલીનો ટુકડો છોડી દીધો...રોટલીનો ટુકડો ચકલીની ચાંચમાંથી છૂટ્યો અને નીચે ધરતી પર પડ્યો અને મોટાભાગના કાગડા તે મેળવવા તેની તરફ ઝપટ્યા પણ અમુક કાગડા તો અહજી ચકલીની પાછળ જ પડ્યા હતા તેઓ હવે ચકલીનો જ શિકાર કરવા માંગતા હતા. પણ હવે નાનકડી ચકલીની ચાંચમાં રોટલીના ટુકડાનું વજન ન હતું એટલે તે સ્ફૂર્તિથી આમ તેમ આમ તેમ ઉડીને આગળ વધી ગઈ અને કાગળોની નજર ચૂકવી એક ઝાડની ડાળીઓ વચ્ચે છુપાઈ ગઈ. સમયસર રોટલીના ટુકડાનો મોહ તેને છોડ્યો તો તેનો જીવ બચી ગયો. આ નાનકડી ચકલીની નાનકડી વાર્તા સમજાવે છે કે જીવનમાં ઘણીવાર આપણે જીવનમાં અમુક લોકો, અમુક વસ્તુઓ, અમુક ઈચ્છાઓ ને છોડવા માંગતા જ નથી અને હઠથી તેને પકડી રાખીએ છીએ પણ તેમાં આપણને જ નુકસાન થાય છે. જેમ ચકલીએ સમયસર રોટલીના ટુકડાને છોડી દીધો અને હળવીફૂલ થઈ ઉડીને જીવ બચાવી લીધો તે આપને પણ આપના જીવન અને મનમાંથી અમુક લોકો, અમુક વાતો, અમુક કડવા અનુભવો, અમુક લાલચો, અમુક ફરિયાદો પાછળ છોડી દઈએ તો હળવાફૂલ થઈને જીવનના સાચા આનંદ તરફ આગળ વધી શકીએ. જીવનમાં છોડીને જુઓ ...હળવા થવાની મોજ પડશે.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

# શું પ્રાદેશિક પક્ષો ભૂતકાળ બની જશે? ભાજપ વિ. કોંગ્રેસ જ રહેશે?

## રાજ્યોની વણઝાર

### કૌશિક મહેતા

**૨૦૨૬નું આ વર્ષ પ્રાદેશિક પક્ષો માટે 'અસ્તિત્વની લડાઈ' સમાન છે. ભૂતકાળમાં મહારાષ્ટ્રની શિવસેના અને NCP જે રીતે તૂટી, બરાબર એ જ સ્ક્રિપ્ટ પર અત્યારે બંગાળમાં TMC અને દિલ્હી/પંજાબમાં AAP તૂટી રહ્યા છે**

ભારતીય રાજકારણમાં પ્રાદેશિક પક્ષોનું તૂટવું અથવા તેમાં ભંગાણ પડવું એ હાલના સમયમાં એક ખૂબ જ ચર્ચાસ્પદ અને મહત્વનો વિષય બન્યો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં આપણે મહારાષ્ટ્રથી માંડી બંગાળ સુધીનાં રાજ્યોમાં પ્રાદેશિક પક્ષોના બે ભાગ થતા જોયા છે. જે રીતે આ તૂટવાની પ્રક્રિયાએ ગતિ પકડી છે એ જોતા એમ લાગે છે કે, આગલા થોડા વર્ષોમાં જ પ્રાદેશિક પક્ષોનું અસ્તિત્વ જોખમાય જશે. માત્ર ભાજપ અને કોંગ્રેસ બે જ મુખ્ય પાર્ટી રહેશે. શું આવું શક્ય છે?

તમે જુઓ કે, મહારાષ્ટ્રમાં શિવસેના તૂટી અને હજુ ત ઉદ્ધવની પાર્ટી તૂટી રહી છે. પ. બંગાળમાં મમતા બેનર્જી હાર્યા અને એમના પક્ષના ધારાસભ્યો કે પછી સાંસદો પાર્ટી છોડી રહ્યા છે. આવું જ આપમાં બન્યું છે. બિહારમાં પણ બન્યું અને બીજી પાર્ટીઓ પણ બચી નથી. હવે સપામાં ભંગાણની વાત આવી છે.

શા માટે પ્રાદેશિક પક્ષોમાં ભંગાણ એ સામાન્ય પ્રક્રિયા બનતી જાય છે? કેટલાક કારણો છે. ઘણા પ્રાદેશિક પક્ષો 'કૌટુંબિક પક્ષો' તરીકે ચાલતા હોય છે. જ્યારે પક્ષના સ્થાપક નેતા નબળા પડે અથવા વારસદારની પસંદગી કરવાની હોય, ત્યારે પક્ષની અંદર જ જૂથબંધી શરૂ થઈ જાય છે. જૂના અને વફાદાર નેતાઓ વિરૂદ્ધ નવી પેઢી વચ્ચેનો ટકરાવ પક્ષ તૂટવાનું મુખ્ય કારણ બને છે.

ભાજપ અને કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષો પોતાની સત્તાનો વ્યાપ વધારવા માટે પ્રાદેશિક પક્ષોના અસંતુષ્ટ નેતાઓને પોતાની તરફ ખેંચવાનો પ્રયાસ કરે છે. ખાસ કરીને ભાજપની 'ચૂંટણી જીતવાની અને સત્તા વિસ્તારવાની' આક્રમક શૈલી સામે નબળા પ્રાદેશિક પક્ષો ટકી શકતા નથી.

ઘણીવાર એવું જોવા મળ્યું છે કે વિપક્ષી નેતાઓ પર ED, CBI કે IT જેવી એજન્સીઓના દબાણ અથવા તો સત્તામાં ભાગીદાર બનવાની (મંત્રી પદ મેળવવાની) લાલચને કારણે નેતાઓ આખો પક્ષ છોડીને અથવા પક્ષ તોડીને શાસક પક્ષ સાથે જોડાઈ જાય છે.

વિરોધ પક્ષો અને આલોચકોનું માનવું છે કે ભાજપ સામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાવીને પ્રાદેશિક પક્ષોને નબળા પાડી રહ્યું છે. રાષ્ટ્રીય સ્તરે મજબૂત હોવાને કારણે ભાજપ પાસે જે સંસાધનો અને સત્તા છે, તેનો ઉપયોગ પ્રાદેશિક પક્ષોના અસંતુષ્ટ ધારાસભ્યોને આકર્ષવા માટે થાય છે. બીજી તરફ, ભાજપ અને તેના સમર્થકો આ ઘટનાક્રમને પક્ષોની આંતરિક નબળાઈ અને બદલાતા રાજકીય પ્રવાહ તરીકે જુએ છે. પરિવારવાળનો આક્ષેપ થાય છે, પણ ભાજપ પાસે દાગદાર નેતાઓને સમાવવા માટે કોઈ ગળે ઉતરે એવી દલીલ નથી. કારણ કે આવા નેતા ભાજપમાં આવ્યા બાદ એમની સામેની બધી તપાસો બંધ થાય છે.

હવે એક બીજો ટ્રેન્ડ શરૂ એ થયો છે કે થશે... કોંગ્રેસથી અલગ થઈ નવી પાર્ટી બનાવનાર ફરી કોંગ્રેસમાં થશે એવી શક્યતા જોવાઈ રહી છે. મમતાને આવી ઓફર થઇ ચુકી છે. એનસીપી સાથે પણ આવી વાત ચાલી છે એમ કહેવામાં આવે છે. આ વાત કેટલી વાસ્તવિકતા બનશે એ જોવાનું છે.

અપન આ બધામાં કાયદાની ઐસીતૈસી થાય છે. બંધારણના ૧૦મા પરિશિષ્ટ મુજબ કોઈ એક-બે ધારાસભ્ય પક્ષ બદલે તો તેમનું સભ્યપદ રદ થઈ જાય છે. પરંતુ હવે વ્યૂહરચના એ વધી ગઈ છે કે આખો ને આખો મોટો જૂથ [બે તૃતીયાંશથી વધુ ધારાસભ્યો] અલગ થઈ જાય છે અને તેઓ મૂળ પક્ષ પર જ પોતાનો દાવો ઠોકી દે છે (જેમ કે એકનાથ શિંદે કે અજિત પવારના કિસ્સામાં થયું). આનાથી કાયદાકીય રીતે તેઓ બચી જાય છે. આ કાયદામાં બે વાર ફેરફાર થયા છે, શું હજુ ય સુધારાની જરૂર છે? કોઈ પક્ષમાંથી ચૂંટાયેલા પ્રતિનિધિ પક્ષ બદલે તો એમનું પ્રતિનિધિત્વ આપોઆપ રદ થાય એવો સુધારો કાયદામાં થઈ શકે? પણ આવો કાયદો કોણ લાવે? એ શકાય છે કહ્યું એ વિષે ચર્ચા શરૂ થઈ છે.

૨૦૨૬નું આ વર્ષ પ્રાદેશિક પક્ષો માટે 'અસ્તિત્વની લડાઈ' સમાન છે. ભૂતકાળમાં મહારાષ્ટ્રની શિવસેના અને NCP જે રીતે તૂટી, બરાબર એ જ સ્ક્રિપ્ટ પર અત્યારે બંગાળમાં TMC અને દિલ્હી/પંજાબમાં AAP તૂટી રહ્યા છે.

હવે માત્ર સત્તાધારી પક્ષનો પ્રભાવ જ નહીં, પરંતુ વિપક્ષી નેતાઓનો ચૂંટણી હારવાનો ડર અને પોતાના જ પક્ષમાં ભવિષ્ય ન દેખાવું - આ વર્તમાન પરિસ્થિતિના સૌથી મોટા ચાલક બળો છે અને એટલે જ એવું લાગે છે કે, ભારતમાં હવે પ્રાદેશિક પક્ષોનો યુગ ધીમે ધીમે પૂરો થઈ રહ્યો છે અને દેશ 'ટુ-પાર્ટી સિસ્ટમ' તરફ આગળ વધી રહ્યો છે?

મહાનગરોની આ અવદશા!

સોશિયલ મીડિયા પર એક વીડિયો ખૂબ વાયરલ થયો, જેમાં મુંબઈના વર્સોવા બીચ પર રાત્રિના સમયે સેંકડો લોકો દરિયાકિનારે રેતીમાં ચાદર બિછાવીને સૂતા જોવા મળી રહ્યા છે. આવો જ એક વીડિયો થોડા દિવસો પહેલાં ભાયંદર ખાડી વિસ્તારનો પણ સામે આવ્યો હતો.

આ લોકો કોઈ ઘૂસણખોર કે બહારથી આવેલા અજાણ્યા લોકો નહોતા, પરંતુ વર્સોવા બીચથી માત્ર ૫૦ મીટર દૂર આવેલી સ્થાનિક ઝૂંપડપટ્ટીઓ અને ચાલીઓમાં રહેતા નાગરિકો છે. બીચ પર સૂવા પાછળના મુખ્ય કારણો શું છે? મુંબઈમાં આ વર્ષે (૨૦૨૬ના ઉનાળામાં) રેકોર્ડબ્રેક ગરમી અને ભેજવાળું વાતાવરણ જોવા મળી રહ્યું છે. આ ગરીબ પરિવારોના ઘરની છતો સિમેન્ટના પતરા અથવા લોખંડના પતરાથી બનેલી હોય છે. દિવસભરની આકરી ધૂપના કારણે આ પતરાં રાત્રે પણ ભઠ્ઠીની જેમ તપે છે. નાના ઓરડાઓમાં હવા-ઉજાસની પૂરતી વ્યવસ્થા હોતી નથી. ઉપરથી વારંવાર થતા પાવર કટને કારણે પંખા પણ બંધ થઈ જાય છે, જેથી અંદર સૂવું અશક્ય બની જાય છે. આથી, દરિયાની ઠંડી હવાનો આશરો લેવા આ લોકો આખા પરિવાર સાથે રાત્રે બીચ પર આવી જાય છે અને સવારે વહેલા પોતાના કામે નીકળી જાય છે. આ લોકોમાં મુંબઈના ઓલા-ઉબરના ડ્રાઈવરો અને અન્ય શ્રમિકો સામેલ છે. આ અહેવાલ દર્શાવે છે કે મુંબઈ જેવા મેટ્રો શહેરોમાં અનિયંત્રિત સ્થળાંતર, ગરીબો માટે આવાસની સમસ્યા અને ક્લાયમેટ ચેન્જના કારણે વધી રહેલી અતિશય ગરમી -આ ત્રણેય પરિબળો ભેગા મળીને કેવી નવી સામાજિક કટોકટી ઊભી કરી રહ્યા છે. મહાનગરોમાં એકબાજુ ઝાકઝમાળ છે અને બીજી બાજુ આ આ પરિદ્રશ્ય છે. આ સાચો વિકાસ તો નથી જ. બીજું જે હોય તે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ટ્રમ્પનું અજીબ નિવેદન

છેલ્લા લાંબા સમયથી ઈરાન અને અમેરિકા વચ્ચે નિરંતર યુધ્ધ ચાલી રહ્યુ છે. હવે ટ્રમ્પ શાંતિ પેતુ પ્રસ્તાવને મધ્યમા રાખીને ઈરાન સાથે ડીલ કરવામાં છે. જે ટ્રમ્પની શરતોને આધીન હશે જો ડીલ પસંદ નહીં આવે તો ઈરાન પર ફરી બોમ્બ ફેકીશ એવું ટ્રમ્પનું નિવેદન છે. હવે ભારત-અમેરિકાના સંબંધ હેતુ જી-7 સમિતી દરમ્યાન મોદી-ટ્રમ્પ વચ્ચે દ્વિપક્ષીય બેઠક થઈ હતી. ટ્રમ્પે મોદીના વખાણ કરતા જણાવ્યું હતું કે મોદી ખૂબ જ સારા માણસ અને ટફ નેગોશિએટર છે અને ભવિષ્યમાં ભારત પર કોઇ પણ દેશ હુમલો કરશે તો હું ભારતને મદદ કરીશ એવું ટ્રમ્પે જણાવ્યું હતું. હવે ટ્રમ્પનો રાજકીય અને માઈન્ડ ચેઈન્જ સ્વભાવ જાણવા પછી ટ્રમ્પમાં વચંનુ મહત્વ કેટલું?

**સુરત - રાજુ રાવલ**

## નાણાકીય કેળવણી

ભૂતકાળમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ દેશને કઇ રીતે ગુલામ બનાવેલો તે સર્વ વિદિત છે. વર્તમાન સમય માં પણ વ્યાજખોરોના ત્રાસે આત્મહત્યાના સમાચારો છાશવારે વાંચવા મળે છે. આમ જોતા લાગે છે કે રાષ્ટ્ર હોય કે નાગરિક બન્ને માટે પૈસાનુ આયોજન મહત્વનુ છે. જો વ્યવસ્થિત આયોજન ના કરાયુ તો અસ્તિત્વ ભયમાં પડી જશે. રાષ્ટ્રની વાતો પછી ક્યારેક, પણ આપણી વ્યક્તિગત વાત કરીએ. અહીં વાત આવે છે, પોતાના આયોજન/કૌશલ્યની. માત્ર પોતાની જ પ્રકૃતિ કે સ્વભાવ અનુસાર જ નાણાકિય નિર્ણય લેવા એટલા ઉચિત નથી. આપણા પરિવારનો પણ વિચાર કરવાનો હોય છે. બસ, અહીંથી પ્રારંભ થાય છે નાણાકીય કેળવણીનો. જે પ્રકારે આપણુ સગા-સમાજ, મિત્ર મંડળ વગેરે સાથેનુ વર્તન આપણી કેળવણી પર અવલંબિત હોય છે. જેને માટે આપણને બાળપણમાં શીખવાડવામાં આવતુ હોય છે તે, કાં તો પછી આપણે જ મોડા-વહેલા જોઇ જોઇને કે પછી કશેકથી શીખતા હોઈએ છીએ. આ જ પ્રકારે નાણાકીય આયોજન માટે પણ છે. પરંતુ એને માટેની ટ્રેનિંગ કે ચર્ચા મોટે ભાગે શેરબજારના રોકાણ વિશે જ થતી હોય છે. અહીં કેળવણી શબ્દ પ્રયોગ એટલા માટે કર્યો કે પૈસો માત્ર પેટ ભરવા જેવા કામ / કારણો માટે નથી વપરાતો. નાણાકિય કેળવણી કઇ રીતે મેળવી શકાય, આયોજન વિશે સક્રિય થઈ એ અપેક્ષા.

**સુરત - ચેતન સુશીલ જોષી**

## હવે તો સમજીએ કે પાણી પ્રાણ સમાન છે

આપણા શહેર ને પુરા વર્ષની જરૂરિયાત જેટલું પાણી છેલ્લા ચાર જ માસમાં બાસ્પીભવન થઈ ગયું. પાણી બાબતે સૂરત સંપૂર્ણ રીતે ઉકાઈ બંધ ઉપર અવલંબિત છે.શહેર નો ચારેકોર ફેલાતો વિસ્તાર અને પાણી નો બેફામ દુર ઉપયોગ. આ બગાડ ને નિયંત્રિત કરવા માટે કોર્પોરેશને ન ઠોસ કડક પગલાં તાત્કાલિક ધોરણે લેવા જોઈએ. જેમકે, આંગણાં માં દરરોજ પાણી નો વ્યય, બંગલા સામે પડેલા થોડા પાંદડા ઝાડુ મારી દૂર ન કરતા એમને દબાણ પુર્વક પાણી છોડી દૂર કરવાનો બાલીશ પ્રયાસ.દરરોજ પોતાના વાહનો ધોવામાં પાણી નો બેફામ વેડફાટ. કોર્પોરેશનના પાણી ખાતાં ના સાહેબો સવારે એમના વિસ્તારમાં રાઉન્ડ લે અને કસુરવારો ને એકવાર રૂબરૂ સમજ સાથે ચેતવી અને પત્ર દ્વારા કડક ચેતવણી આપે.કોઈ અસર ન થાય તો સ્થળ ઉપર ભારે દંડ,છેવટે કનેક્શન કાપવા સુધી ના પગલાં.સુરતીલાલાઓ માં નાગરિક તરીકે ની ફરજ તરફ ધ્યાન દોરવાનો સમય પાકી ગયો છે, એવું નથી લાગતું?

**સુરત - ભુપેન્દ્ર રાયજી**

## બાળકો જેવા,માસૂમ બનો

સમાજ તથા જાહેર-જીવનમાં અનેક લડાઈ ઝઘડાઓ ચાલતા રહે છે. અને લાંબા સમય સુધી તેનો અંત આવતો નથી. આથી વેરઝેરની ભાવના વધુ પ્રબળ બંને છે. હા,વેરથી વેર શમતું નથી કેમ કે વેર એ ચક્રવૃદ્ધિ વ્યાજ જેવું હોય છે.તે વધતું જ જાય છે. આથી બાંધછોડ કે સમાધાનકારી વલણ અપનાવવું જોઈએ તો સમસ્યા હલ થાય. મારા મંતવ્ય મુજબ નાના બાળકો જેવા નિર્દોષ અને માસુમ બનો બાળકો એકબીજાને સાથે રમતા-રમતા લડાઈ પડે,પરંતુ થોડીવારમાં પાછા એક થઈ જાય છે. તે તેઓની ખેલદિલી અને માસૂમિયત બતાવે છે.બાળકોને ભગવાનનું રૂપ માનવામાં આવે છે.બાળકો કદી ધર્મ-મજહબ સમજતાં નથી.માત્ર રમતિયાળ વૃતિમાં પરવાયેલા રહે છે. ફિલ્મ “દો-કલિયા”માં ગીતકારે સરસ લખ્યું છે જે ગીતના શબ્દો છે. “બચ્ચે મન કે સચ્ચે, સારી જગ કિ આંખ કે તારે,યે વો નન્હે ફૂલ હૈ,જો ભગવાન કો લગતે પ્યારે”. આમ બાળકો જેવા માસૂમ ઈન્સાનો બને તો લડાઈ,ઝગડા,વેરભાવ દ્વેષભાવ જોવા ન મળે અને પરમ શાંતિનું સર્જન થાય છે.બદલો લેવાની ભાવના કરતાં પોતાનામાં બદલાવ લાવવાની માનસિકતા કેળવવાની જરૂર છે.

**તરસાડા - પ્રવીણસિંહ મહીડા**

## માનવીનું નૈતિક પતન

ટેકનોલોજીકલ યુગમાં ભૌતિક વિકાસની સાથે માનવીનું નૈતિક પતન થઈ રહ્યું છે આર્થિક ઉપાર્જનના સર્જનમાં સંસ્કારના મૂલ્યનું પ્રમાણ નહિવત થઈ રહ્યું છે.લોભ,મોહ,અને લાલચના મોહમાં આજે કોઈપણ કાર્યમાં સદાચારી મૂલ્યોનું પતન થઈ રહ્યું છે આ ભોગવિલાશની પ્રક્રિયામાં માનવી પ્રમાણિકતા તથા સહાનુભૂતિ,મદદ જેવા મૂલ્યો ભૂલીને સ્વાર્થ અને ભ્રષ્ટાચાર તરફ આગળ વધી રહ્યો છે સંયુક્ત કુટુંબના વિઘટનથી નવી પેઢીમાં સંસ્કારો અને સદવિચારના મૂલ્યોનો અભાવ જોવા મળે છે. સેવાભાવી વલણના સ્થાને એકલ અને સ્વાર્થભર્યું જીવન જીવતો થઈ રહ્યો છે જેમાં સોશિયલ મીડિયાનો ફાળો સવિશેષ છે.ધાર્મિક તહેવારનું મહત્વ સંસ્કાર સિંચન નું સ્થાન આજે નકારાત્મક અનુકરણ એ લીધું છે.જેની અસર ભાવિ પેઢી પર પડી રહી છે. આ નૈતિક પતન અટકાવવા વ્યક્તિગત હકારાત્મક અભિગમ અને શિક્ષણમાં ચારિત્ય મુલ્યશિક્ષણ નિર્માણ અને ભૌતિક સુખની માયા છોડી આંતરિક શાંતિને મહત્વ આપવુ.પોતાના અને અન્યના સુખદુ:ખમાં સહભાગી બની સર્વેનો કલ્યાણ કરવો.કારણ કે વ્યક્તિ તથા દેશનો સાચો વિકાસ એ ભૌતિક સુવિધામાં નહિ પરંતુ માનવતાની ઉન્નતિમાં જ રહેલો છે.

**નવસારી - વિરલકુમાર ટંડેલ**

## જાણે કુદરત રૂઠી છે !

ખેડૂતને 'જગતનો તાત' ગણવામાં આવે છે જે સૌનું પેટ ભરે છે અને આજે આ જગતનો તાત આભ સમું જોઈને થાકી ગયો પણ મેઘરાજાના આગમનના હજી અણસાર દેખાતા નથી. એમ લાગી રહ્યું છે કે જાણે કુદરત રૂઠી છે ! વરસાદ ન આવવાની ચિંતા માત્ર ખેડૂતોને જ નહીં પણ ઉદ્યોગ સાહસિકો, વ્યાપારીઓ, વ્યાવસાયિકો તમામને સતાવી રહી છે કારણ કે તેનાથી માત્ર ખેતી જ નહીં પણ ખેતી સંલગ્ન તમામ ઉદ્યોગ,વ્યાપાર, રોજગાર વગેરે પર તેની અસર પડે છે. ઘડીક માટે વિચાર આવે કે એમાં આપણે શું કરી શકીએ? પરંતુ વિચારવા જેવું છે કે આ માટે જવાબદાર કોણ ? વાતાવરણમાં સર્જાતા અસંતુલનના કારણે આ સમસ્યા સર્જાય છે અને આ સમતુલા પાછળ ક્યાંક ને ક્યાંક માનવપ્રવૃતીઓ જવાબદાર છે. પ્રાકૃતિક સંસાધનોનો બેફામ ઉપયોગ, જંગલોનો નાશ, વિવિધ રીતે થતા પ્રદૂષણો,જમીન વિસ્તાર અને ઔદ્યોગિક વિસ્તારની લાલચ જેવા પરિબળો જવાબદાર છે. માણસ પોતાના તત્કાલીન લાભને જોય છે પણ તેની લાંબાગાળે થતી અસરોને નજરઅંદાજ કરે છે. આવી તમામ પ્રવૃતિઓ પર રોક લગાવાની જરૂર છે અથવા પર્યાવરણમિત્ર વૈકલ્પિક માર્ગો શોધવાની તાતી જરૂર છે. વૃક્ષારોપણના ખૂબ કાર્યક્રમો થાય છે પણ માત્ર સોશિયલ મીડિયા પર જ થઈ રહ્યું છે બાકી એ વરસ પછી એ વાવેલા વૃક્ષોમાં અવશેષો પણ મળતા નથી. વિચારવા જેવું છે કે વૃક્ષો રોપવા માત્રથી વાતાવરણમાં પરિવર્તન આવશે ખરું ? કે એ વાવેલા વૃક્ષોનું સંરક્ષણ પણ એટલું જ જરૂરી છે. તેમજ વૃક્ષારોપણ સિવાય પણ અન્ય ઘણા ઉપાયો છે જે હાથ ધરવાની અનિવાર્યતા છે. આ અંગે માત્ર સરકાર જ નહીં તમામ નાગરિકોએ જાગૃત થવાની જરૂર છે.

**તાપી - યોગેશકુમાર પટેલ**

## અયોધ્યા રામ મંદિરની ઘટના

અયોધ્યા રામ મંદિર માથી રોકડ તેમજ સોનુ ચોરાયાના કૌભાંડ ની તપાસ ચાલેછે તપાસ કેટલી નિષ્પક્ષ હશે તે શંકાસ્પદ વિષય છે કારણકે દાન પેટીમાં કરવામાં આવેલું દાન શંકાછે કે પૂરેપૂરું નોંધવામાં આવતું ન પણ હોય! આપણે જ્યારે પણ મંદિરોમાં દાન કરીએ છીએ તો એ દાન દાન પેટીમાં નહીં પરંતુ દાન કર્યા ની રસીદ લેવી જરૂરી છે કોઈપણ સંજોગોમાં ગુપ્ત દાન ક્યારેય કરવું ન જોઈએ કારણ કે એ રશીદ વગરનું ગુપ્ત દાન ગુપ્ત જગ્યાએ પહોંચી જતુ હોય તેવી શંકા નકારી ન શકાય.

**સુરત - વિજય તુઈવાલા**